ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી–વલસાડ–વાપી



## સંક્ષિપ્ત સમાચાર

### વાપી કોલેજમાં રમતગમત દિવસનો શુભારંભ



વાપી : આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં સાંસ્કૃતિક કમિટીના સભ્યો અલીશા પટેલ અને વીની લગ્ગડના નેજા હેઠળ BBA, B.COM, B.SC, BCA, M.COM અને M.SC વિભાગમાં આજથી વિવિધ પ્રકારના days ની ઉજવણી તથા રમતગમત દિવસનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે ડેનિમ ડે/ બ્લેક એન્ડ વ્હાઇટ ડે અને સિગનેચર ડે તથા ચેસ અને ટેબલ ટેનિસ રમતો રાખવામાં આવી હતી. દરેક વિભાગના વિદ્યાર્થીઓએ બ્લેક એન્ડ વ્હાઇટ અને ડેનિમ વેશ પરિધાન કરી ઉજવણી કરી હતી. બીજી તરફ ચેસ અને ટેબલ ટેનિસ રમતોમાં પણ દરેક ડીપાર્ટમેન્ટના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેનું નેતૃત્વ ડો.પ્રફુલ પટેલએ કર્યું હતું. આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા સંસ્થાના કેમ્પસ ડિરેક્ટર ડો.મિત્તલ શાહ, ઈન્ચાર્જ આચાર્ય ડો.શીતલ ગાંધી, સુરભી ચૌધરીએ શુભેચ્છા પાઠવી હતી.

### વાપીમાં 'ટેક વાપી 2025' ત્રણ દિવસીય મેગા ઇન્ડસ્ટ્રીયલ એક્ઝિબિશન યોજાશે

વાપી : વાપી ખાતે આગામી 18 થી 20 ડિસેમ્બર 2025 દરમિયાન "ટેક વાપી 2025" નામનું ત્રણ દિવસીય મેગા ઇન્ડસ્ટ્રીયલ એક્ઝિબિશન વાપી વીઆઈએ ગ્રાઉન્ડમાં આયોજીત કરવામાં આવ્યું છે. ૧૮ તારીખે ગુરુવારે સવારે ૧૦ કલાકે રાજ્યના નાણાં તેમજ શહેર વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે આ પ્રદર્શન ખુલ્લું મૂકાશે. આ પ્રસંગે વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ તેમજ વાપી નોટીફાઈડના ચેરમેન યોગેશભાઈ કાબરીયા ઉપસ્થિત રહેશે. આ પ્રદર્શનમાં વાપી, ગુજરાત તેમજ ભારતના અન્ય રાજ્યોની 160થી વધુ અગ્રણી ઔદ્યોગિક કંપનીઓ ભાગ લઈ રહી છે. આ વર્ષે "ટેક વાપી"નું આ 11મું સંસ્કરણ છે, જે દક્ષિણ ગુજરાતનું સૌથી સફળ અને બહુ અપેક્ષિત ઔદ્યોગિક પ્રદર્શન બની ગયું છે. વિશેષ વાત એ છે કે આ વર્ષે પ્રથમ વખત ચીન અને ઓસ્ટ્રેલિયામાંથી પણ કંપનીઓ આ પ્રદર્શનમાં ભાગ લઈ રહી છે, જે પ્રદર્શનની વૈશ્વિક ઓળખને વધુ મજબૂત બનાવે છે."ટેક વાપી 2025" ઉદ્યોગોને નવીનતમ ટેક્નોલોજી, મશીનરી અને પ્રોડક્ટ્સ માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ પ્રદર્શનમાં ઇન્જિનિયરિંગ, મશીનરી, પ્રોસેસ ઇન્ડસ્ટ્રી, ઇલેક્ટ્રિકલ્સ, ઇલેક્ટ્રોનિક્સ, ઇન્સ્ટ્રુમેન્ટેશન, ઓટોમેશન, પેકેજિંગ, કેમિકલ, ફાર્મા અને રોબોટિક્સ જેવા ક્ષેત્રોની કંપનીઓ ભાગ લઈ રહી છે. આયોજકોનું માનવું છે કે "ટેક વાપી" સ્થાનિક ઉદ્યોગોની ક્ષમતાઓને પ્રદર્શિત કરવા માટે એક મજબૂત મંચ પૂરો પાડે છે. આ એક્સ્પો દ્વારા 'મેક ઇન ઇન્ડિયા' જેવી રાષ્ટ્રીય ઝુંબેશોને પણ નોંધપાત્ર પ્રોત્સાહન મળી રહ્યું છે અને સ્થાનિક ઉદ્યોગોની સંભાવનાઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરવામાં મદદ મળે છે.

### વલસાડ નવજવાન મહેફીલે ઈસ્લામ દ્વારા 44 તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો




વલસાડ : વલસાડ મોટા તાઈવાડ ઈસ્લામિક કલ્ચરલ હાલમાં 44 તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ નવજવાન મહેફીલે ઈસ્લામ દ્વારા રવિવારે હાફેઝ સલીમભાઈની તીલાવતે કુરઆનથી શરૂ કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં પ્રમુખ સ્થાને crowe ફાઉન્ડર એન્ડ એક્ઝિક્યુટીવ ચેરમેન ડો. ખાલીદભાઈ મનીઆર વક્તા તરીકે ગણદેવી મોર્ડન સ્કૂલના પ્રિન્સીપાલ ડો. સોહેલ મુહમ્મદ રફીક ઈસબ હાજર રહી તમામ વિદ્યાર્થીઓ તથા વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું. નવજવાન મહેફીલે ઈસ્લામના પ્રમુખ ઝાહિદભાઈ દરીઆઈએ જણાવ્યુ હતુ કે, જો મુસ્લિમો શિક્ષણથી વંચિત રહેશે તો ખાલીખમ અને કોરાકટ રહેશે. વર્તમાન આધુનિક અને વિકસીત યુગમાં આપણે આ ભાવિ મુસ્લિમ પેઢીને શૈક્ષણિક મુલ્યોથી સુસજ્જ અને સુશોભિત કરવાની જરૂર છે. ડો. ખાલીદભાઈ મનીઆરે શિક્ષણનું સ્તર ઉપર જઈ રહેલું છે જે મુસ્લિમ સમાજ માટે ગૌરવ સમાન છે. સમાજના ઉત્થાન માટે શિક્ષણ પાયાની વસ્તુ છે. વક્તા ડો. સોહલ ઈસબે શિક્ષણની સાથે સારા સંસ્કારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો તેમજ શિક્ષકો તથા મા-બાપને આદર સન્માનની વાતો કરી હતી. સમારંભને સફળ બનાવવા માટે ઈસ્તીયાકભાઈ ગેબી, કાસમભાઈ વજીર, આમીરભાઈ શેખ, મુનીરભાઈ પઠાણ, ખાલીદભાઈ એ. મનીઆર, મુસ્તકીમભાઈ પોપટ તથા બંને જમાતના ટ્રસ્ટીઓએ સાથ અને સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમારોહમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન ઈકબાલભાઈ કુરેશીએ કર્યું હતું. આભારવિધિ બહેન નુરૂન જતે કરી હતી. અંતે ઈમામશાબ ગુલામહુશેન મુલ્લાએ દુઆ કરી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

# નવસારીમાં દબાણકારોને નોટિસ

**મનપાની કાર્યવાહીથી વિસ્તારમાં હડકંપ મચી ગયો**

**જો સાત દિવસમાં દબાણ દૂર નહીં થાય તો મનપા કાયદેસરની કાર્યવાહી કરશે**

નવસારી : શહેરના દેવીના પાર્ક સામે આવેલા ઝંઝાવાડી વિસ્તારમાં કરવામાં આવેલા દબાણો સામે નવસારી મહાનગરપાલિકાએ કડક કાર્યવાહી શરૂ કરી છે. મળતી માહિતી મુજબ આ વિસ્તારમાં કુલ 14 દબાણકારોને મહાનગરપાલિકા દ્વારા દબાણ દૂર કરવા અંગેની સત્તાવાર નોટિસ ફટકારવામાં આવી છે.

નવસારી મહાનગરપાલિકા દ્વારા નગર રચના યોજના નંબર-3 (ગણદેવી રોડ-તિઘરા વિસ્તાર) અમલમાં મૂકવામાં આવી રહી છે. આ નગર રચના યોજનાને સરકાર દ્વારા તારીખ 19-02-1999ના રોજ જાહેરનામા મારફતે અંતિમ મંજૂરી આપવામાં આવી હતી. મંજૂરી બાદ હવે લાંબા સમય પછી આ યોજનાના અમલીકરણની કાર્યવાહી મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે.

પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ, આ નગર રચના યોજના હેઠળ ભવિષ્યમાં મહાનગરપાલિકાની નવી ઓફિસ તેમજ પોલીસ ચોકી બનાવવાનું આયોજન છે. આ વિકાસ કાર્યોમાં અડચણરૂપ બનેલા ઝંઝાવાડી વિસ્તારના બિનકાયદેસર બાંધકામો, મકાનો અને અન્ય દબાણો દૂર કરવાનું અનિવાર્ય બન્યું છે.

આથી મહાનગરપાલિકાએ સંબંધિત 14 દબાણકારોને નોટિસ પાઠવી સાત દિવસની અંતિમ મહેલત આપી છે. નોટિસમાં સ્પષ્ટ જણાવાયું છે કે નિર્ધારિત સમયમર્યાદામાં પોતપોતાના બાંધકામો અથવા દબાણો સ્વયં દૂર કરી દેવામાં આવે. જો સાત દિવસની અંદર દબાણ દૂર કરવામાં નહીં આવે તો મહાનગરપાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરશે. મનપાની આ કાર્યવાહીથી વિસ્તારમાં હડકંપ મચી ગયો છે. વિકાસકાર્યોને પ્રાધાન્ય આપીને દબાણો સામે કડક વલણ અપનાવાયું હોવાનું મનપા વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. આવનારા દિવસોમાં અન્ય વિસ્તારોમાં પણ આવી કાર્યવાહી થવાની સંભાવના નકારી શકાય તેમ નથી.

## પારડીથી ટ્રકમાં ગેરકાયદે ગાય ભરી જતા 3 ઈસમની ધરપકડ

**ટ્રકમાં ક્રૂરતા પૂર્વક ભરેલી ગાયોને ગામના માણસોએ રોકાવી પોલીસને જાણ કરી 12 ગાયનો કબ્જો લીધો**

પારડી : પારડીના કુંભારિયા ગામે ટ્રકમાં ગેરકાયદે ગાયો ભરી જતા ત્રણ ઇસમને પોલીસે ઝડપી પાડ્યા હતા. કુંભારિયાના સરપંચ ભુપેન્દ્રભાઈએ પોલીસને ટ્રકમાં ગાયો ભરેલી હોવાની માહિતી આપતા પોલીસે પહોંચી તપાસ કરતા ટ્રકમાં ગાયો ભરેલી હતી. પોલીસે દત્તાત્રેય થોરાત (રહે. મહારાષ્ટ્ર), ધનેશ પોખરકર (રહે. મહારાષ્ટ્ર) અને પરીત પટેલ (રહે. કુંભારીયા)ને ઝડપી પાડ્યા હતા. 11 ગાય તથા એક વાછરડા સહિત 12 ગાય જેની કિંમત રૂપિયા 1.45 લાખ તથા ટ્રક, મોબાઈલ સહિત કુલ રૂપિયા 6.60 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગાયોને વાપી રાતા પાંજરાપોળ મોકલવાની તજવીજ હાથ ધરી છે.

### વલસાડમાં સ્થાનિકો એમ્બ્યુલન્સની વહારે આવ્યા



■ વલસાડના બેચરરોડ પર પાવર હાઉસની પાસે સોમવારની સમી સાંજે ઈમરજન્સી સારવાર માટે એક દર્દીને હોસ્પિટલ લઈ જતી એમ્બ્યુલન્સ વાન ટ્રાફિકમાં ફસાઈ ગઈ હતી. જ્યાં આસપાસના સ્થાનિક રહીશોએ તાત્કાલિક દોડી આવી બંને સાઈડે ટ્રાફિકમાં ફસાયેલા વાહનોને સાઈડે કરાવી એમ્બ્યુલન્સને બહાર કાઢી દર્દીના જીવને બચાવવા પ્રાથમિકતા આપી સમાજ સેવાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

## ફરજિયાત અનામતને કારણે અનેક બેઠકો પર સ્ત્રી અનામત

# નવસારી-જલાલપોર તાલુકા પંચાયત ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ બન્યું

**બેઠકવાર અનામત સીટોની પ્રાથમિક યાદી જાહેર કરવામાં આવી**

**યાદી બહાર પડતા જ જિલ્લામાં રાજકીય ચર્ચા તેજ બની**

**અનુ જાતિ, અનુ આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ સામાન્ય અને બિનઅનામત માટે બેઠકો ફાળવવામાં આવી**

### અડદા તથા સિસોદ્રા (ગણેશ)-૧ સામાન્ય સ્ત્રી તરીકે અનામત

નવસારી તાલુકામાં અડદા તથા સિસોદ્રા (ગણેશ)-૧ બેઠકો સામાન્ય સ્ત્રી તરીકે અનામત રાખવામાં આવી છે. આમડપોર, ભૂલાફળિયા, ખડસુપા, નાગધરા, પારડી અને સાતેમ બેઠકો અનુસૂચિત આદિજાતિ તથા અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત જાહેર કરવામાં આવી છે. ચંદ્રવાસણસુપા અને શાહુ બેઠકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ફાળવાઈ છે, જ્યારે ધામણ, મોલધરા અને સિસોદ્રા (ગણેશ)-૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. પડઘા બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત જાહેર થઈ છે, જ્યારે સુપા અને ઉગત બેઠકો બિનઅનામત સામાન્ય રાખવામાં આવી છે.

### બોરસી, છીણમ, ડાભેલ, દાંતી અને કૃષ્ણપુર પછાત વર્ગ માટે અનામત

આ સાથે જ જલાલપોર તાલુકા પંચાયત માટે બેઠકવાર કુલ ૨૦ અનામત બેઠકોની પ્રાથમિક યાદી જાહેર કરવામાં આવી છે. જલાલપોર તાલુકામાં મહુવર-૨ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. આટ, બોદાલી, વેસ્મા અને ભીનાર બેઠકો અનુસૂચિત આદિજાતિ તથા અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ફાળવાઈ છે. બોરસી, છીણમ, ડાભેલ, દાંતી અને કૃષ્ણપુર બેઠકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામત જાહેર કરવામાં આવી છે.


નવસારી : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નવસારી જિલ્લાના નવસારી તથા જલાલપોર તાલુકા પંચાયત માટે બેઠકની રચના અને અનામત સીટોની પ્રાથમિક યાદી જાહેર કરવામાં આવી છે. યાદી બહાર પડતા જ જિલ્લામાં રાજકીય ચર્ચા તેજ બની છે.

જાહેર થયેલી યાદી મુજબ નવસારી તાલુકા પંચાયત માટે કુલ ૧૯ બેઠકો નક્કી કરવામાં આવી છે. બંધારણીય જોગવાઈઓ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ સામાન્ય અને બિનઅનામત વર્ગ માટે બેઠકો ફાળવવામાં આવી છે. મહિલાઓ માટે ફરજિયાત અનામતને કારણે અનેક બેઠકો પર સ્ત્રી અનામત જાહેર થતાં ઉમેદવારોની રાજકીય ગણિતમાં ફેરફાર થયો છે.

સામાન્ય વર્ગ માટે અબ્રામા, મંદિર, ઓજલ-૨, પનાર અને પોસરા બેઠકો સામાન્ય સ્ત્રી માટે અનામત છે, જ્યારે મહુવર-૧, મટવાડ, ઓજણ-૧, સિસોદ્રા (આરક) અને તવડી બેઠકો બિનઅનામત સામાન્ય જાહેર કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગે જણાવ્યું છે કે આ યાદી પ્રાથમિક છે અને નક્કી કરાયેલી સમયમર્યાદામાં દાવા-વાંધાઓ રજૂ કરી શકાશે. દાવા-વાંધાઓના નિકાલ બાદ અંતિમ બેઠક અને સીટ રચના જાહેર કરવામાં આવશે. પ્રાથમિક યાદી બહાર પડતા જ રાજકીય પક્ષો અને સંભવિત ઉમેદવારોમાં હલચલ વધી છે.

## 'આ કળિયુગ નથી, કથાયુગ છે, કથા વગર જગત ચાલે નહીં'

**ધરમપુરમાં 'વ્યાસ તીર્થ'નું મોરારિબાપુના કરકમળોથી લોકાર્પણ**



ધરમપુર : ધરમપુરના ભાગવત કથાકાર શરદભાઈ વ્યાસ (દાદા)ના પવિત્ર ધામ વ્યાસતીર્થ ખાતે વેદ વ્યાસજીના મંદિરનું ભવ્ય અને ભાવસભર શ્રોતાર્પણ સમારોહ યોજાયો હતો. આ ઐતિહાસિક પ્રસંગે રામાયણ કથાકાર મોરારિબાપુના કરકમળોથી શ્રી વેદવ્યાસજીની પ્રતિમાનું વિધિવત પૂજન કરી વ્યાસ તીર્થને જનસામાન્ય માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આશીર્વચનમાં મોરારિબાપુએ જણાવ્યું હતું કે, "આ કળિયુગ નથી, કથાયુગ છે. કથા વગર આ જગત ચાલી શકે નહીં." તેમણે શરદભાઈ વ્યાસના આધ્યાત્મિક યોગદાનને બિરદાવતાં વ્યાસ પરંપરાની મહત્તા સમજાવી ધર્મ, સંસ્કાર અને સદાચારના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમમાં બોલિવૂડના પ્રખ્યાત ગીતકાર રવિન્દ્ર રાવલ પણ હાજર રહ્યા હતા. તેમણે વ્યાસ આરતીની રચના કરી છે, જે ટૂંક સમયમાં લોન્ચ થવાની છે. ઉપરાંત, ટીવી સિરિયલના જાણીતા સ્ક્રિપ્ટ રાઈટર હિતેન ગણાત્રા પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વેદ વ્યાસજીના જીવન પર આધારિત વેબ સિરીઝ બનાવવાની જાહેરાત આ મંચ પરથી કરી હતી. લોકસંસ્કૃતિને ઉજાગર કરતો માયાભાઈ આહીરનો લોક ડાયરો યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકસાહિત્યપ્રેમી શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીના રાતાથી 3 કિલો ગાંજા સાથે બિહારી ઝડપાયો

વાપી : વાપી નજીકના રાતાની ચાલીમાંથી ડુંગરા પોલીસે 3 કિલોના ગાંજા સાથે બિહારી યુવકને ઝડપી પાડ્યો હતો. વાપી નજીકના રાતા ગામ, ગુલાબનગરમાં આવેલી ચાલીમાં રૂમ ઉપર પોલીસે રેઈડ કરી હતી. જેમાં રૂમમાંથી એક ઈસમ પપ્પુ શિવશંકર મંડલ (રહે. રાતા, વાપી, મૂળ બિહાર) બહાર આવ્યો હતો. પોલીસે રૂમમાં તપાસ કરતા એક થેલામાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. એફએસએલ ટીમ આવી તપાસ કરતા મળી આવેલ માદક પદાર્થ ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. પાસપરમીટ વિનાનો આ મળી આવેલા ગાંજાનું વજન આશરે 3.001 કિલોગ્રામ છે જેની અંદાજીત કિંમત 1 લાખ 50 હજાર આંકવામાં આવી હતી. પોલીસે વધુ પૂછપરછ કરતા આ ગાંજાનો જથ્થો બિહારમાં રહેતા અભિષેક ઉપેન્દ્ર મંડલ પાસેથી લીધેલો હતો. ડુંગરા પોલીસે રૂપિયા 1,55,050નો મુદ્દામાલ કબજે કરી એનડીપીએસ એક્ટ કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## નવસારીમાં ઠંડીનો અહેસાસ યથાવત્

નવસારી : નવસારી કૃષિ યુનિવર્સિટીના અહેવાલ મુજબ જિલ્લામાં ઠંડી અને સુકાં હવામાનની સ્થિતિ યથાવત રહી છે. તા. 14 ડિસેમ્બર 2025ના રોજ મહત્તમ તાપમાન 32.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 15.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. તા. 15 ડિસેમ્બર 2025ના રોજ પણ હવામાનમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. મહત્તમ તાપમાન 31.5 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 16.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. સવારના સમયે ભેજનું પ્રમાણ 95 ટકા રહ્યું હતું, જ્યારે સાંજના સમયે ભેજ ઘટીને 27 ટકા નોંધાયો હતો. આ દિવસે પવનની ગતિ 1.8 કિમી પ્રતિ કલાક સાથે ઉત્તર-પૂર્વ દિશામાં વહેતો રહ્યો હતો. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ વહેલી સવાર અને રાત્રિના સમયે ઠંડીનો અહેસાસ રહેશે, જ્યારે દિવસ દરમિયાન હળવી ગરમી અનુભવાશે. આગામી દિવસોમાં પણ હવામાન સ્થિર રહેવાની શક્યતા છે.

# ડાંગ જિલ્લામાં વન અધિકારના પ્રશ્નોના નિરાકરણની માંગ



સાપુતારા : ડાંગ જિલ્લામાં વન અધિકાર કાયદો-૨૦૦૬ (Forest Rights Act - FRA) હેઠળના વ્યક્તિગત અને સામુહિક દાવાઓમાં વર્ષોથી ચાલી રહેલા પડતર પ્રશ્નોનાં તાત્કાલિક નિરાકરણની માંગ સાથે ડાંગ જિલ્લા આદિવાસી મહાસભા ડાંગ એકમ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. મહાસભાએ ગંભીર કાયદાકીય ખામીઓ અને નિયમોના ભંગ તરફ ધ્યાન દોરીને હજારો આદિવાસી દાવેદારોને તેમના કાયદેસર હકથી વંચિત રાખવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. આ આવેદનપત્રમાં જણાવાયું છે કે, ડાંગ જિલ્લામાં વન અધિકાર કાયદો-૨૦૦૬, તેના નિયમો તેમજ કેન્દ્રીય અને રાજ્ય સરકાર દ્વારા સમયસર બહાર પાડવામાં આવેલા પરિપત્રો અને કાર્યપદ્ધતિનું યોગ્ય પાલન કરવામાં આવ્યુ નથી. આના પરિણામે હજારો આદિવાસી દાવેદારો છેલ્લા ઘણા વર્ષોથી તેમના કાયદેસર હક અને અધિકારોથી વંચિત રહેવા મજબૂર બન્યા છે. મહાસભાએ વ્યક્તિગત વન અધિકાર (IFR) દાવાઓમાં રહેલી ગંભીર કાયદાકીય ખામીઓ તરફ ધ્યાન દોર્યું છે. આ હેતુસર, તાલુકા તથા જિલ્લા કક્ષાની વન અધિકાર સમિતિઓને કમિશનર કક્ષાએથી તાત્કાલિક સ્પષ્ટ સૂચનાઓ/આદેશો પાઠવવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

### ખેરગામના વાડ ગામે કાર અડફેટે બાઈક સવાર બે ઘાયલ



■ ખેરગામ : ખેરગામથી ચીખલી જતા જાહેર રોડ ઉપર વાડગામ પાસે કારના ચાલકે પૂરઝડપે રોંગ સાઇડ હંકારી લાવી રૂપેશ દેવજી પટેલ તથા રૂઝવણીના પ્રિયંક પટેલની બાઈકને અડફેટમાં લીધી હતી. રૂપેશ અને પ્રિયંક રૂઝવણીથી બીલીમોરા મજૂરીકામે જતા હતા. આ બનાવમાં રૂપેશને અને પ્રિયંકને ગંભીર ઇજા પહોંચતા બંનેને હોસ્પિટલ ખસેડાયા હતા. આ મામલે રૂપેશના સસરા લાછા પટેલે ખેરગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજે: માણેકપોર, તાલુકો: જલાલપોર, જીલ્લો: નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

| ગામનું નામ | બ્લોક નંબર (નવો) | બ્લોક નંબર (જુનો) | હે.આરે.ચો.મી. | આકાર રૂા. પૈસા | ખાતા નંબર |
|---|---|---|---|---|---|
| માણેકપોર | ૧૬૩ | ૧૫૮ | ૦-૧૩-૦૯ | ૩.૮૦ | ૯૨૬ |

ઉપરોક્ત વિગત વાળી જમીન લુકમાન ઈસ્માઈલ પટેલ નાઓની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. જે જમીન તેમના પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા નો કોઈપણ હકક, દરદાવો, ગણોતહકક કે લેણું, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હીત, અધીકાર હોય તો તેમણે આજદિનથી દીન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્ય હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૫-૧૨-૨૦૨૫ — મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

**રાજ ઉપહાર**

એક સામાજિક ઉદ્યમ જ્યાં ગ્રામીણ મહિલાઓ 200+ પ્રકારના વસ્તુઓ—સ્નેક્સ & સ્વીટ્સ, સુગંધિત મીણબત્તી & અગરબત્તી, હસ્તકલા અને વસ્ત્રો—બનાવે છે.

**નોકરીઓ ઉપલબ્ધ - આજે અરજી કરો!**

| નોકરીનું પદ | જવાબદારીઓ |
|---|---|
| રીચ ઓપરેટર | ઉંચાઈ સુધી પહોંચતા ગોડાઉન ઉપકરણો ચલાવો, માલ સુરક્ષિત રીતે ઉઠાવો અને સંગ્રહો. |
| ફોર્કલિફ્ટ ઓપરેટર | લોડિંગ/અનલોડિંગ અને લાઇન ફીડિંગ માટે ફોર્કલિફ્ટ ચાલાવવું. |
| ડ્રાઇવર | સ્થળો વચ્ચે માલનું પરિવહન, સમયસર અને સુરક્ષિત ડિલિવરી, તેમજ અન્ય નિયમિત ડ્રાઇવિંગની જરૂરિયાતો. |
| ઇલેક્ટ્રીશિયન | નવા ઇલેક્ટ્રિકલ સિસ્ટમ્સની ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. LT/HT સિસ્ટમ્સ, VFD, સ્ટાર્ટર્સ અને ફ્લેમપ્રૂફ ઇલેક્ટ્રિકલ ઉપકરણોમાં મજબૂત જ્ઞાન આવશ્યક. |

સંપર્ક કરો: 78629 10320
Dharampur, Distt. Valsad, Gujarat
An initiative of Shrimad Rajchandra Love & Care

